**પ્રાદેશિક માહિતી કચેરી,અમદાવાદ**

ગવર્મેન્ટ પૉલિટૅકનિક કૅમ્પસ,

આંબાવાડી, અમદાવાદ – ૧૫

ફોન : ૦૭૯-૨૬૩૦૧૧૪૮

ઈ-મેલ : samacharabd@gmail.com

**તારીખ : ૧૬/૦૬/૨૦૨૩** **સમાચાર સંખ્યા – ૭૫૩**

## રથયાત્રા નિમિત્તે વાહન વ્યવહારનાં સરળ નિયમન નક્કી કરતું પોલીસ કમિશનર, અમદાવાદ શહેરનું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

****

હું પ્રેમ વીર સિંહ, IPS, ઇ/ચા.પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં આગામી તા.૨૦/૬/૨૦૨૩ના રોજ નિકળનાર રથયાત્રા નિમિત્તે વાહન વ્યવહારનાં સરળ નિયમન માટે નીચે મુજબનો હુકમ કરૂ છું.

અમદાવાદ શહેરમાં આગામી તા.૨૦/૬/૨૦૨૩ના રોજ જગન્નાથ મંદિરની ૧૪૬મી નગર રથયાત્રા નિમિત્તે અમદાવાદ શહેરનાં નીચે જણાવેલ વિસ્તારોના જાહેરમાર્ગોને તા.૧૯/૬/૨૦૨૩ તથા તા.૨૦/૬/૨૦૨૩ના રોજ દિન-૨ પુરતો "નો પાર્કીંગ ઝોન" જાહેર કરવામાં આવે છે.

**-: નો પાર્કિંગ ઝોન માર્ગ/વિસ્તાર :-**

જમાલપુર દરવાજા બહાર જગન્નાથ મંદિરથી જમાલપુર ચકલા, વૈશ્યસભા, ખમાસા, ગોળલીમડા, ઓસ્ટોડીયા ચકલા, (બી.આર.ટી.એસ.રૂટ સહીત) મદનગોપાલની હવેલી, રાયપુર ચકલા, ખાડીયા જુની ગેટ, ખાડીયા ચાર રસ્તા, પાંચકુવા, કાલુપુર સર્કલ, કાલુપુર ઓવરબ્રિજ, સરસપુર, પ્રેમદરવાજા, જોર્ડનરોડ, બેચર લશ્કરની હવેલી, દિલ્હી ચકલા, હલીમની ખડકી, શાહપુર દરવાજા, શાહપુર ચકલા, રંગીલા ચોકી, ઔત્તમ પોળ, આર.સી.હાઇસ્કુલ, દીલ્હી

ચકલા, ઘી કાંટા રોડ, પાનકોર નાંકા, કુવારા, ચાંદલા ઓળ, સાંકડી શેરીના નાકે થઇ માણેકચોક શાક માર્કેટ, દાણાપીઠ, ખમાસા થઇ જગન્નાથ મંદિર સુધીનો વિસ્તાર

આ જાહેરનામાનો અમલ ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩ની જોગવાઇ હેઠળ મહત્તમ સમયમર્યાદાને આધિન રહીને તા.૧૯/૬/૨૦૨૩ના કલાક ૦૦.૦૦થી તા.૨૦/૬/૨૦૨૩ના રોજ નીકળનાર રથયાત્રા પુર્ણ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લઘંન કરનાર ઈસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

*****

**પ્રાદેશિક માહિતી કચેરી,અમદાવાદ**

ગવર્મેન્ટ પૉલિટૅકનિક કૅમ્પસ,

આંબાવાડી, અમદાવાદ – ૧૫

ફોન : ૦૭૯-૨૬૩૦૧૧૪૮

ઈ-મેલ : samacharabd@gmail.com

| | |
|---|---|
| **તારીખ : ૧૬/૦૬/૨૦૨૩** | **સમાચાર સંખ્યા – ૭૫૪** |

## રથયાત્રાના રુટ સિવાય અન્ય રુટ ઉપરથી સરળતાથી અવર- જવર કરી શકે તે માટે પ્રતિબંધિત/ડાયવર્ઝન નક્કી કરતું અધિક પોલીસ કમિશનર ટ્રાફિક, અમદાવાદ શહેરનું જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

*****

તા.૨૦/૬/૨૦૨૩ ના રોજ અમદાવાદ શહેરમાં ૧૪૬મી રથયાત્રા નિકળનાર છે. રથયાત્રાને જોવા માટે વિશાળ સંખ્યામાં માનવમેદની રથયાત્રાના રુટ (માર્ગ) ઉપર ઉપસ્થિત રહેતી હોય છે. જેથી રથયાત્રા પસાર થાય ત્યારે રોજિંદો ટ્રાફિક રથયાત્રાના રુટ સિવાય અન્ય રુટ ઉપરથી સરળતાથી અવર- જવર કરી શકે તે માટે આ દિવસે નીચે મુજબના વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

**<u>રથયાત્રાનો માર્ગ :-</u>**

1. જમાલપુર દરવાજા બહારથી જગન્નાથ મંદિરથી સવારે રથયાત્રા નીકળી જમાલપુર ચકલા, વૈશ્યસભા, ગોળલીમડા, આસ્ટોડીયા ચકલા, મદનગોપાળની હવેલી, રાયપુર ચકલા, ખાડીયા જુની ગેટ, ખાડીયા ચાર રસ્તા, પાંચકુવા, કાલુપુર સર્કલ, કાલુપુર બ્રીજ થઈ સરસપુર જશે.
2. બપોરે સરસપુર વિશ્રામ કર્યા બાદ રથયાત્રા સરસપુરથી નીકળી કાલુપુર બ્રીજ, કાલુપુર સર્કલ, પ્રેમ દરવાજા, જોર્ડન રોડ, બેચર લશ્કરની હવેલી, દિલ્હી દરવાજા, હલીમની ખડકી, શાહપુર દરવાજા, શાહપુર ચકલા, રંગીલા ચૌકી, ઓતમપોળ, આર.સી. હાઈસ્કુલ, દિલ્હી ચકલા, ઘીકાંટા રોડ, પાનકોર નાકા, ફૂવારા, ચાંદલાઓળ, સાંકડી શેરીના નાકે થઈ માણેકચોક શાકમાર્કેટ દાણાપીઠ, ગોળલીમડા, ખમાસા, જમાલપુર ચકલા થી શ્રી જગન્નાથ મંદીર રથયાત્રા પરત આવશે.

# <u>-: રથયાત્રાના માર્ગ ઉપર ટ્રાફિકનો વૈકલ્પિક માર્ગ નીચે મુજબ છે :-</u>

<table>
<tr><th>અનુ.</th><th>રૂટ નંબર</th><th>પ્રતિબંધિત રૂટ</th><th>બંધ રાખવા માટેનો સમય</th><th>વૈકલ્પિક માર્ગ/રૂટ</th></tr>
<tr><td>૧</td><td>રૂટ નંબર-૧</td><td>ખમાસા ચાર રસ્તા થી જમાલપુર ચાર રસ્તા થી જમાલપુર ફૂલ બજાર</td><td>કલાક ૨.૦૦ રથયાત્રા પુર્ણ થાય ત્યાં સુધી</td><td rowspan="3">1. રાયખડ ચાર રસ્તા થી વિકટોરીયા ગાર્ડન થી રીવરફ્રન્ટ થી ફૂલબજાર થી જમાલપુર બ્રીજ થી ગીતામંદીર<br>2. રાયખડ ચાર રસ્તા થી જમાલપુર ગાયકવાડ<br>3. આસ્ટોડીયા ચાર રસ્તા થી ગીતા મંદીર થી જમાલપુર બ્રીજ થી સરદાર બ્રીજ થી પાલડી</td></tr>
<tr><td>૨</td><td>રૂટ નંબર-૨</td><td>રાયખડ ચાર રસ્તા થી આસ્ટોડીયા દરવાજા</td><td>કલાક ૫.૦૦ થી ક્લાક ૧૧.૦૦ સુધી અને કલાક ૧૭.૦૦ થી રથયાત્રા પુર્ણ થાય ત્યાં સુધી.</td></tr>
<tr><td>૩</td><td>રૂટ નંબર-૩</td><td>આસ્ટોડીયા ચકલા થી કાલુપુર સર્કલ</td><td>કલાક ૦૯.૦૦ થી કલાક હવેલી ૧૬.૩૦ સુધી</td></tr>
<tr><td>૪</td><td>રૂટ નંબર-૪</td><td>સારંગપુર સર્કલ થી કાલુપુર સર્કલ થી કાલુપુર બ્રીજ થી સરસપુર</td><td>કલાક ૦૯.૦૦ થી કલાક હવેલી ૧૬.૩૦ સુધી</td><td>કામદાર ચાર રસ્તા થી અનિલ સ્ટાર્ચ મીલ રોડ થી હરીભાઈ ગોદાણી સર્કલ થી પોટલીયા ચાર રસ્તા થી નિર્મલપુરા ચાર રસ્તા થી ચામુંડાબ્રીજ થી ચમનપુરા સર્કલ થી અસારવા બ્રીજ થી ઈદગાહ સર્કલ</td></tr>
<tr><td>૫</td><td>રૂટ નંબર-૫</td><td>કાલુપુર સર્કલ થી પ્રેમદરવાજા થી દરીયાપુર દરવાજા થી દિલ્લી ચકલા</td><td>કલાક ૦૯.૦૦ થી કલાક હવેલી ૧૬.૩૦ સુધી</td><td>ઈન્કમટેક્ષ થી ગાંધીબ્રીજ થી રાહત સર્કલ થી દિલ્લી દરવાજા થી ઈદગાહ સર્કલ</td></tr>
</table>

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | રૂટ નંબર-૬ | દિલ્લી ચકલા થી શાહપુર દરવાજા થી શાહપુર ચકલા થી રંગીલા ચોકી થી આર.સી.હાઈસ્કુલ થી ઘી-કાંટા ચાર રસ્તા થી પાનકોર નાંકા થી માણેકચોક થી ગોળ લીમડા | કલાક ૧૭.૩૦ થી સ્થયાત્રા ખમાસા પસાર થાય ત્યાં સુધી. | દિલ્લી દરવાજા થી શાહપુર ચાર રસ્તા થી ભવન્સ કોલેજ રોડ થી લેમન ટ્રી થી રૂપાલી થી વીજળીઘર થી લાલ દરવાજા |

******